# ખાદ્ય સુરક્ષા ખરડાને રાષ્ટ્રપતિની મંજુરી

નવીદિલ્હી, તા. ૫

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ દેશની બે તૃતિયાંશ વસ્તીને ૧ થી ૩ રૂપિયે કિલોગ્રામના દરે દર મહિને પાંચ કિલોગ્રામ અનાજ આપનારા ખાદ્ય સુરક્ષા ખરડાને લાગુ કરવા માટે લાવવામાં આવેલા વટહુકમ પર શુક્રવારે હસ્તાક્ષર કરી દીધા છે.

રાષ્ટ્રપતિ સચિવાલયને ગઈકાલે રાત્રે વટહુકમ મળ્યો હતો પ્રવણ મુખર્જીએ શુક્રવારે તેની ઉપર સહી કરી દીધી હતી ત્યારબાદ તે પ્રકારની તમામ અટકળોનો અંત આવી ગયો કે ભાજપ ડાબેરી પક્ષો અને કેટલાક અન્ય મોટા પક્ષોના જોરદાર વિરોધ બાદ શક્ય છે કે રાષ્ટ્રપતિ વટહુકમને મંજુર કરવામાં ઉતાવળ કરશે નહી. ખાદ્ય સુરક્ષા કાર્યક્રમ દુનિયાની આ પ્રકારની સૌથી મોટી યોજનાનો હિસ્સો હશે. જેમાં સરકાર દર વર્ષે દેશની ૬૭ ટકા વસ્તીને ૧.૨૫ હજાર રૂપિયાના ખર્ચે અનાજ ઉપલબ્ધ કરાવશે.

ગત મહિને મંત્રીમંડળની બેઠકમાં આ વિષય પર અલગ અલગ મત હોવાના કારણે નિર્ણય લેવાનું મોકુફ રાખવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ ખાદ્ય સુરક્ષા ખરડાને લાગુ કરવાની દૃષ્ટિએ વટહુકમ પર મંજુરી મહોર મારી દેવામાં આવી હતી. વટહુકમ સંસદના ચોમાસુ સત્રના થોડા સપ્તાહ પહેલા લાવવામાં આવ્યો હતો. રાજકીય પક્ષોની માંગણી હતી કે ખાદ્ય સુરક્ષા ખરડો બન્ને ગુહોમાં ચર્ચા કર્યા બાદ પસાર કરવામાં આવે.

સરકારે દાવો કર્યો છે કે ખાદ્ય સુરક્ષાનો વટહુકમ લાગુ કર્યા બાદ દેશમાં કોઈપણ વ્યક્તિ ભૂખી રહેશે નહીં આ ખરડા દ્વારા લગભગ ૭૭ ટકા લોકોને ભોજન મળી શકશે.

કોંગ્રેસ મીડિયા પ્રભારી અજય માકને રાજધાની દિલ્હીમાં ફૂડબીલના ફાયદાની ગણતરી કરતા જણાવ્યું હતું કે, બાળકો અને મહિલાઓમાં કુપોષણની સમસ્યા સમાપ્ત થઈ જશે. તેમણે



આ વટહુકમને ચૂંટણી સાથે સાંકળવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ જનતાના ભલા માટે છે. એને ચૂંટણી સાથે સાંકળીને જોવો જોઈએ નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય મંત્રીમંડળની બુધવારે ખાદ્યસુરક્ષા વટહુકમને મંજૂરી આપી દીધી છે. અધ્યાદેશ ૬ મહિનામાં સંસદના બંને ગૃહોમાંથી પસાર થનાર છે.ખાદ્ય સુરક્ષા ખરડાનો ઉદ્દેશ ભારતમાં ૧.૨ અબજ લોકોમાંથી ૬૭ ટકાને છૂટછાટવાળા દરે ખાદ્યાન્ન ઉપલબ્ધ કરાવવાનું છે. લગભગ ૮૦ કરોડ લોકોને છૂટછાટના દરે ખાદ્યાન્ન ઉપલબ્ધ કરાવવા માટે સરકાર પર લગભગ ૧.૩ લાખ કરોડનો બોજો પડશે. યુપીએ સરકાર પોતાની મહત્વકાંક્ષી યોજના ખાદ્યસુરક્ષા બીલ પર વટહુકમ લાવવા માટે તત્પર છે. આ યોજના હેઠળ ત્રણ વર્ષ સુધી ૩ રૂપિયે કિલો ઘઉ, ૨ રૂપિયે કિલો જાડુ ધાન આપવાની જોગવાઈ છે. આ યોજનાનો લાભ મેળવવા માટે પણ હકદાર છે તે નક્કી કરવાની જવાબદારી કેન્દ્રએ રાજ્યસરકાર પર છોડી દીધી છે.

ઘરની સૌથી વયોવૃદ્ધ મહિલાને પરિવારની મુખ્ય વ્યક્તિ માનવામાં આવશે સગર્ભા તથા બાળકોની સ્તનપાન કરાવનારી મહિલાઓને ભોજન સિવાય અન્ય માતૃત્વ લાભ (ઓછામાં ઓછા ૬ હજાર રૂપિયા) પણ આપવામાં આવશે. આ યોજના લાગુ કરવા માટે સરકારે ૨૦૧૩-૧૪ના વર્ષ દરમિયાન ૬૧૨.૩ લાખ ટન અનાજની જરૂર પડશે. કેન્દ્રએ અનાજ ખરીદવા તથા તેના વિતરણ માટે ૧.૨૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવો પડશે. ગામડાની ૭૫ ટકા તથા શહેરોની ૫૦ ટકા વસ્તી આ યોજના હેઠળ આવરી લેવાશે. જો રાજ્ય સરકાર સસ્તુ અનાજ નહી આપી શકે તો કેન્દ્ર દ્વારા તેને મદદ કરવામાં આવશે. આ અંગે જો કોઈ ફરીયાદ થશે તો તમામ રાજ્યોએ ફુડપેનલ અથવા પંચની રચના કરવી પડશે. જો કોઈ કાયદાનું પાલન નહી કરે તો પંચ તેની વિરુદ્ધ કાર્યવાહી કરશે.

## બેનીના નિવેદનથી મને ફાયદો થાય છે : મુલાયમ

નવીદિલ્હી, તા. ૫

ભલે કેન્દ્રિયમંત્રી બેની પ્રસાદ વર્મા સમાજવાદી પક્ષના સુપ્રીમો પર સતત શાબ્દિક પ્રહાર કરી રહ્યા હોય પરંતુ મુલાયમ સિંહને એમ લાગે છે કે આનાથી મુલાયમને ફાયદો જ થાય છે.

બેની પ્રસાદના વિવાહીત નિવેદન અંગે સપા સુપ્રીમોએ જણાવ્યું હતું કે વેણીપ્રસાદના નિવેદનથી તેમને કોઈ ફરક પડતો નથી.

મુલાયમસિંહે મજાકના સ્વરે જણાવ્યું હતું કે મારા જુના મિત્ર બેનીપ્રસાદ આ પ્રકારના નિવેદન કરીને મને જ ફાયદો પહોંચાડી રહ્યા છે. આ બહાને લોકો હંમેશા મારી જ ચર્ચા કરે છે. મુલાયમ સિંહને બેનીપ્રસાદના વિવાહીત નિવેદન અંગે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે તે નિવેદન અંગે કોંગ્રેસે ઝાટકણી કાઢી છે. માટે હું કંઈ પણ કહેવા માંગતો નથી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય મંત્રી બેની પ્રસાદે એમ જણાવીને નવો વિવાદ ઉભો કરી દીધો હતો કે સમાજવાદી પક્ષના પ્રમુખ વડાપ્રધાનના નિવાસસ્થાને મારવા પણ ફીટ નથી. ત્યારબાદ કોંગ્રેસ બેની પ્રસાદ વર્માને મુલાયમ સિંહ યાદવ વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ ન કરવાની સૂચના આપી દીધી હતી કે જો તેમને મુલાયમ વિરુદ્ધ બોલતા અટકાવવામાં આવશે તો તેઓ મંત્રી પદેથી રાજીનામુ આપી દેશે એટલું જ નહીં કોંગ્રેસ પક્ષ પણ છોડી દેશે.

## મફત ભેટ આપવાના વચનો રાજકીય પક્ષો ન કરે : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૫

સુપ્રીમ કોર્ટે આજે ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવતા મફત ભેટ સૌગાદો આપવાના વચનો સામે લાલઆંખ કરી હતી. ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ચૂંટણી ઢંઢેરામાં રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવતા મફત ભેટના વચનોથી નિષ્પક્ષ અને સ્વતંત્ર ચૂંટણી આડે અડચણો ઉભી થાય છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી ઢંઢેરાની બાબતોને નિયંત્રિક કરવા માર્ગદર્શિકાને ઘડી કાઢવા ચૂંટણી પંચને આદેશ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યવિધાનસભાની ચૂંટણીઓમાં રાજકીય પક્ષો દ્વારા ટેલિવિઝન અને લેપટોપ સહિત અન્ય મફત ચીજવસ્તુઓ ભેટમાં આપવાનું વચન આપવામાં આવે છે. આ પરંપરા છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. આની સામે હવે સુપ્રીમ કોર્ટે લાલઆંખ કરી છે. રાજકીય પક્ષોને આ પ્રકારના વચનો આપવાથી રોકવા માર્ગદર્શિકા ઘડી કાઢવા સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. પી સથાશિવમ અને રંજન ગોગોઈની બનેલી બેંચે કહ્યુછે કે ચૂંટણી ઢંઢેરો આચાર સંહિતા અમલમાં આવે તે પહેલા જારી કરવામાં આવે છે પરંતુ ચૂંટણીપંચ આચાર સંહિતાની અંદર આને આવરી લઈને ધારાધોરણમાં સુધારા કરી શકે છે. આ ચૂકાદાને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આનાથી રાજકીય પક્ષો પર ભેટ સૌગાદો આપવા પર બ્રેક મુકાઈ શકે છે. જો ચૂંટાઈને આવશે તો તેઓ લેપટોપ, ટીવી, ગ્રાઈન્ડર્સ, મિક્ષર્સ, ઈલેક્ટ્રીક પંખાઓ, ચાર ગ્રામની



સોનાની થાળી અને મફત અનાજ આપવામાં આવશે તે પ્રકારના વચનો રાજકીય પક્ષો દ્વારા વારંવાર આપવામાં આવે છે. રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીમાં જીત મેળવવા જુદા જુદા પ્રકારના આવા લાલચી વચનો આપવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે આની સામે હવે વાંધો ઉઠાવ્યો છે અને માર્ગદર્શિકા ઘડી કાઢવા સૂચના આપી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે ચૂંટણી ઢંઢેરામાં રહેલી બાબતોને મર્યાદિત કરવા માટે કોઈ માર્ગદર્શિકા નથી. આ સંબંધમાં માર્ગદર્શિકા ઘડી કાઢવાનો અમે આદેશ કરી રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યુ છે કે આ મુદ્દાઓ પર એક અલગ કાયદો પણ બનાવી શકાય છે. સુપ્રીમનું કહેવું છે કે રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવતા આવા વચનોથી ચૂંટણી લડતા ઉમેદવારો વચ્ચે પણ મતભેદની સ્થિતિ સર્જાય છે. આનાથી ચૂંટણી પ્રક્રિયાનો ભંગ થાય છે. જો કે સુપ્રીમ કોર્ટની બેંચે મતદારોને ઘરવખરીની ચીજવસ્તુઓ મફતમાં આપવાના અન્નાદ્રમુકના ચૂંટણી વચનને પાળવા જયલલિતા સરકારના નિર્ણયને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી અને કહ્યુ હતુકે વર્તમાન કાયદા હેઠળ મફતમાં ચીજવસ્તુઓ આપવાનું વચન ઢંઢેરામાં અપાયુ છે. આ બાબત ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલી નથી. આ અરજી એસ સુબ્રમણયમ દ્વારા કરવામાં આવી હતી.

## ચીનનો પલટવાર : સીમા ઉપર સેના વધારી ભડકાવે નહીં ભારત

બૈજિંગ, તા. ૫

ભારત અને ચીનની સેનાઓ વચ્ચે કોઈપણ પ્રકારનું ઘર્ષણ ટાળવા



માટે સીમા સુરક્ષા સમજૂતી ઉપર ચર્ચા કરવા માટે કેન્દ્રિય ભારતીય રક્ષામંત્રી એ.કે. એંટનીને ચીન પહોંચવાનાં કેટલાક કલાકો પહેલા ચીની જનરલે તેના તેવરનો પરચો બતાવી દીધો હતો. તેણે ચેતાવણી આપી હતી કે ભારત સીમા ઉપર સૈનિકોની ટુકડી વધારીને નવી પરેશાની ઉભી ન કરે. ચાઈના સ્ટ્રેટેજીક કલ્ચરલ પ્રમોશન એસોસીએશનનાં મહાસચિવ અને કાર્યકારી ઉપાધ્યક્ષ મેજર જનરલ લ્યુ યૂઆને જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે તણાવ ભરી પરિસ્થિતી છે તે બાબતને ઈન્કારી શકાય નહીં ખાસ કરીને સીમાવર્તી વિસ્તારોમાં તનાવની પરિસ્થિતી સર્જાયેલી છે. હજુ પણ ભારતનાં કબજા વાળી ૭૦,૦૦૦ કિ.મી. વિસ્તારની જમીન બાબતે સમસ્યા છે. જેના ઉકેલ માટે ઠંડા મંગજની જરૂર છે. તેમણે પિપલ્સ લિબ્રેશન આર્મી પી.એલ.એ. નજરમાં રાખીને પુછવામાં આવેલા ભારત અને ચીન સંબંધોને લઈને પુછવામાં આવેલા એક પ્રશ્નનો જવાબ આપ્યો હતો. ૯૦,૦૦૦ કિ.મી. વિસ્તારનાં ઉલ્લેખનો આશય અરૂણાચલ પ્રદેશથી હતો. જેના ઉપર ચીન હંમેશા તેનો દાવો જાળવી રાખે છે. તેમણે કહ્યું હતું કે ભારતીય પક્ષ દ્વારા સીમા રેખા ઉપર સૈનિકો વધારીને નવી સમસ્યા ઉભી કરવી જોઈએ નહીં. લ્યુને ચીનનાં પડોશી દેશો અને અમેરિકા સાથેનાં રણનૈતિક અને સૈન્ય સંબંધો માટે તેનાં અતિવાદી વિચારો માટે ઓળખવામાં આવે છે. પહેલી વખત સરકારે ચાઈના જર્નાલિસ્ટ એસોસીએશન દ્વારા વિદેશી મિડિયાને પણ આમંત્રીત કરવામાં આવી હતી. લ્યુએ કહ્યું હતું આખી દુનિયામાં ભારત માત્ર એક એવો દેશ છે કે જે ચીન માટે જોખમ હોવાની માન્યતાથી સૈનિકોનું દળ વધારી રહ્યો છે. માટે ભારતે એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે તે શું કહે છે અને શું કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત કહે છે કે નિયંત્રણ રેખાની પાસે સીમાવિવાદી ૪૦૦૦ કિ.મી.નું ક્ષેત્ર વિવાદીત છે. જ્યારે ચીનનું કહેવું છે કે સીમા વિવાદ ૨૦૦૦ કિ.મી. એટલે કે અરૂણાચલ પ્રદેશ સુધી સિમિત છે. બંને દેશોનાં પ્રતિનિધોએ વચ્ચે સીમા વિવાદને લઈને આખરી વાતચીત ૨૮ જૂનનાં રોજ થઈ હતી. છેલ્લા સાત વર્ષ દરમિયાન ચીનની યાત્રા ઉપર જનારા એંટની પહેલા ભારતીય રક્ષામંત્રી છે. ત્રણ દિવસની યાત્રાએ ગયેલા એંટની આજે તેના ચીની સમકક્ષ ચૈંગ વૈન્ક્યુઆનની સાથે મુલાકાત કરશે.

## ભીવડીં ફેક્ટરી દુર્ઘટનામાં મૃતાંક ૬ ઉપર પહોંચ્યો

થાણે, તા. ૫

ભીંવડીમાં કાપડની ફેક્ટરીની એક બિલ્ડીંગ તૂટી પડવાના કારણે ૩ લોકોના મૃત્યુ નિપજ્યા હતા. જોકે કાટમાળમાં દટાયેલા મૃતદેહો બાદ મૃત્યુ પામેલાની સંખ્યા વધીને ૬ થઈ ગઈ છે.

પોલીસે જણાવ્યું હતું કે, કાપડની ફેકટરીની બે માળની બિલ્ડીંગના કાટમાળમાંથી ગઈકાલે રાત્રે ૨ મૃતદેહો શોધી કાઢવામાં આવ્યા હતા. આજે સવારે સાફસફાઈ દરમિયાન બીજો એક મૃતદેહ મળી આવ્યો હતો. ભીવડીંના કલહેર ગામમાં અરિહંત કંપાઉન્ડમાં બીઆઈજી કાપડની ફેકટરી તથા તેના ઘણાં ગોડાઉન આવેલા છે. આ બિલ્ડીંગ ગઈ કાલે તૂટી પડી હતી. બિલ્ડીંગ તૂટી પડવાના કારણે ૨૪ લોકોને ઈજા પહોંચી હતી. મળી આવેલા ત્રણ મૃતદેહોમાંથી બેની ઓળખ મહંમદ મન્સુર ઉ.૨૨, મિરાજ શેખ (ઉ.૩૦) વર્ષ સ્વરૂપે કરવામાં આવી છે.

## જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી પ્રવૃત્તિમાં વધારો નોંધાયો છે

નવી દિલ્હી,તા. ૫

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિમાં ફરી એકવાર ચિંતાજનક રીતે વધારો થયો છે. આતંકવાદી પ્રવૃત્તિ વધી જવાના કારણે માત્ર રાજ્ય સરકારની જ નહીં બલ્કે કેન્દ્ર સરકારની પણ ઊંઘ હરામ થઈ ગઈ છે. હાલમાં આતંકવાદીઓએ અનેક મોટી ઘટનાઓને અંજામ આપ્યો છે. એકબાજુ અમરનાથ યાત્રા ચાલી રહી છે બીજી બાજુ આતંકવાદી ગતિવિધી વધી ગઈ છે. સુરક્ષાદળો સામે પણ મોટી સમસ્યા ઊભી થઈ ગઈ છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને હાથ ધરવા જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ વિરોધી ઓપરેશનથી અન્યત્ર ધ્યાન કેન્દ્રીત કરવું પડી રહ્યું છે. આતંકવાદી પ્રવૃત્તિમાં વધારો થવા માટે અન્ય કારણો પણ જવાબદાર રહ્યા છે. એકબાજુ આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિ વધી છે. માર્ચ બાદથી દર મહિને ત્રાસવાદી હિંસાનો એક બનાવ નોંધાયો છે. આ આતંકવાદી હિંસામાં ૧૩ સુરક્ષા જવાનો સહિત ૧૯ લોકો માર્યા ગયા છે જેમાં ૭ આતંકવાદીઓનો પણ સમાવેશ થાય છે.

સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ૯મી ફેબ્રુઆરીના દિવસે ફાંસી ઉપર લટકાવી દેવામાં આવ્યા બાદથી આતંકવાદી પ્રવૃત્તિમાં વધારો થયો છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે આતંકવાદીઓ તેમની હાજરી પુરવાર કરવાના પ્રયાસ કરી રહ્યા છે. અમરનાથ યાત્રા ચાલી રહી છે ત્યારે સુરક્ષાદળો સામે આ અહેવાલ ચિંતાજનક છે. સુરક્ષા સંસ્થાઓ કાયદો અને વ્યવસ્થાની સમસ્યામાં અટવાયેલી છે ત્યારે હિંસા વધી છે. હાલમાં જ જમ્મુ કાશ્મીર પોલીસ, સૈનાના કાફલાને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. મંગળવારના દિવસે ગૃહમંત્રાલય માટેની સલાહકાર સમીતિની બેઠક મળી હતી જેમાં પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠનોએ ઘુસણખોરી માટેના બનાવો તીવ્ર બનાવી દેવાના પ્રયાસોને સમર્થન મળ્યું હતું. પાકિસ્તાનમાં ૩૦૦ આતંકવાદીઓ હજુ પણ સક્રિય થયેલા છે.

## સમાચાર ઝલક

- રાંચીમાં એક હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ માટેની રસોઇમાં ગરોળી રંધાઇ ગઇ...
- નરેન્દ્રભાઇ મોદી ટ્વીટર ઉપર સૌથી લોકપ્રિય નેતા બન્યા...
- ઇજિપ્તમાં લશ્કરી બળવા બાદ સત્તા પલટો, દેશમાં તંગદિલી.
- વિશ્વભરમાં દૂધ ભેળસેળવાળુ છે, નવા લોકોનો ઉમેરો.
- ૭૦ ટકા દૂધ ભેળસેળ વાળુ છે, નવા સર્વેષણનું તારણ.
- જામનગરમાં આયુર્વેદ યુનિવર્સિટીનાં ૧૩૦ વિદ્યાર્થીઓની ઉત્તરવહી ગાયબ.
- સુરેન્દ્રનગરમાં ભારે વરસાદની હેલીમાં હજારો ખેડૂતો ‘સર’ના વિરોધમાં ઉમટ્યા, ભારે સૂત્રોચ્ચાર.
- મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું.
- મુંબઇ ટ્રક પકડવાના મામલામાં આંગડીયા પેઢીઓની આંતરિક ધંધાકીય હરિભાઇ કારણભૂત.
- ‘નામમાં શું રાખ્યું છે?’ દેશમાં ૩૩૦૯ ગામો કૃષ્ણથી શરૂ થાય છે!
- અભિનેત્રી શબાના આઝમીને ઇજા ૬ થી ૮ અઠવાડિયા પ્લાસ્ટર રહેશે.
- સરકારી હોસ્પીટલોમાં ૫૬૯ પ્રકારની દવાઓ મફતમાં મળશે.
- પેટ્રોલપંપ પરથી ગેસ સીલીન્ડર મળશે.
- ગીરને મળ્યું ગૌરવ, દેશનાં મહત્ત્વના ત્રણ જંગલોમાં ગીરનો સમાવેશ કરતી વિશ્વબેંક.
- અમેરિકી ડોલર સામે રૂપિયાની નબળાઇથી પેટ્રોલ-ડીઝલમાં ફરીથી ભાવવધારો થશે.
- ઉત્તરાખંડ તાંડવમાં ૧૨૦૦ બાળકો તણાઇ ગયા હોવાની ફરિયાદ.
- સારા ચોમાસાની આશાથી કઠોળના ભાવ સ્થિર થવા લાગ્યા.
- બાબરામાં ભેદી વાયરસનો હાહાકાર, ૧૦ દિવસમાં એક જ પરિવારની ત્રણ વ્યક્તિઓનાં મોત.
- ખુબ પાણી પીવું, અન્યથા હાઇ બ્લડસુગરનો ભય.
- પંજાબમાં નિર્દયી પોલીસવાળાએ ૮૩ લોકોનાં જીવન લીધા?
- પેપ્સીમાં કેન્સર સર્જતા તત્ત્વો મળતાં ચકચાર.
- કાપડના વેપારીઓ રમજાન અને શ્રાવણ મહિનાની ખરીદીની પ્રતિશ્રા કરી રહ્યાં છે.
- પાલનપુરમાં બાલાજી બંગ્લોઝમાં તસ્કરો ત્રાટક્યા.
- બનાસકાંઠાના ગામ્ય વિસ્તારોમાં ખુલ્લેઆમ ચાલતો સફેદ દૂધની ભેળસેળ, સુપ્રીમકોર્ટની પણ લાલ આંખ.
- માઓવાદી સામે ઓપરેશન વધુ તીવ્ર બનાવવાનો આદેશ.

## લાપત્તા શ્રદ્ધાળુઓને શોધવાની મહેતલ ૧૫ જુલાઈ નક્કી થઈ

દહેરાદૂન,તા. ૫

ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ આજે સવારે કહ્યું હતું કે ઉત્તરાખંડ હોનારતમાં માર્યા ગયેલા લોકોની ઊંડી તપાસ ચાલી રહી છે. પરંતુ જે લોકો લાપત્તા થયેલા છે તે લોકો જો ૧૫મી જુલાઈ સુધી મળશે નહીં તો તેમને મૃત જાહેર કરી દેવામાં આવશે. વિજય બહુગુણાની આ બાબત જાહેર કરવામાં આવ્યા બાદ તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. લાપત્તા લોકોને મૃતજાહેર કરવામાં આવ્યા બાદ મૃત્યુઆંકડો અનેકગણો વધી જશે. લાપત્તા લોકોની શોધખોળ ચાલી રહી છે. હજુ સુધી લાપત્તા લોકોની સંખ્યા ૩૦૬૪ આંકવામાં આવી છે. લાપત્તા લોકોને શોધી કાઢવા માટેની મહેતલ ૧૫મી જુલાઈ સુધી નક્કી કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે હિમાલિયન સુનામીમાં માર્યા ગયેલા તમામ લોકોના પરિવારને વળતરની ચૂકવણીની પ્રક્રિયા ૩૦મી જુલાઈ સુધી પરિપૂર્ણ કરી લેવામાં આવશે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન કુમાવ પ્રદેશમાં ઘણી જગ્યાઓએ અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરી છે જેના પરિણામ સ્વરૂપે ઉત્તરાખંડના લોકોને હજુ સાધવાન રહેવાની જરૂર પડશે. વહીવટી તંત્ર આગામી ૫૦ કલાકની ખૂબ જ મહત્વપૂર્ણ ગણે છે. આ ૫૦ કલાક દરમિયાન તમામ પ્રકારની પ્રવૃત્તિને પૂર્ણ કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૫મી અને ૬ઠ્ઠી જુલાઈના દિવસે ભારે વરસાદ થઈ શકે છે. મધ્યમથી હળવો વરસાદ હજુ પણ થઈ રહ્યો છે. જ્યાં ભારે વરસાદ થઈ શકે છે ત્યાં પહેલાંથી જ ૨૫૦ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના જવાનો ગોઠવવામાં આવ્યા છે. નેમીતાલ, પિથોરાગઢ, ઉધમસિંહ નગર જેવા વિસ્તારોમાં ભારે વરસાદ થવાની આગાહી છે. ઉત્તરાખંડમાં ભારે વિનાશ બાદ હજુ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી સંપૂર્ણપણે પૂરી કરાઈ નથી. ઉત્તરાખંડમાં સનપ્રયાગ નજીક મંદાકીની નદીમાં મૃતદેહ હાથ લાગી રહ્યા છે. રોગચાળાના ખતરાને ધ્યાનમાં લઈને તમામ દવાઓની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. ૧૪મી જૂનની હોનારત બાદથી હજારો લોકોને સુરક્ષિત ખસેડવામાં આવી ચૂક્યા છે. ઉત્તરાખંડ સરકારની સાથે સાથે પુનઃ નિર્માણમાં દેશભરના રાજ્યો મદદમાં આવ્યા છે.

## સ્ટેચ્યુ ઓફ લિબર્ટી અમેરિકાએ ખુલ્લું મૂક્યું

ન્યુયોર્ક, તા. ૫

અમેરિકામાં સેન્ડી તોફાનને કારણે ગત વર્ષે પર્યટકો માટે બંધ કરી દેવામાં આવેલ સ્વતંત્રતાના પ્રતીક સમા (સ્ટેચ્યુ ઓફ લિબર્ટિને પુનઃ ખુલ્લું મુકવામાં આવ્યુંછે. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી ૪ જુલાઈએ અમેરિકાના સ્વાતંત્ર દિવસ નિમિતે પુનઃ ખુલ્લું મુકવામાં આવ્યુંછે. ગત વર્ષે૨૯ ઓક્ટોબરે સેન્ડી તોફાનના કારણે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી બંધ કરી દેવામાં આવ્યું હતું ૯ મહિનાથી ઓછા સમયમાં તેનું સમારકામ કરાયા બાદ તે પુનઃ પર્યટકો માટે ખુલ્લું મૂકી દેવામાં આવ્યું છે.

શહેરના મેયર માઈકલ બ્લુમબર્ગે જણાવ્યું હતું કે ઈશ્વરનો આભાર છે કે અમારી પાસે ફ્રાંન્સીઓ જેવા લોકો છે. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી ફ્રાંસના લોકોએ અમેરિકાના લોકોની મિત્રતાની ભેટ તરીકે આપ્યું હતું. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી સ્વતંત્રતા અને લોકશાહીનું પ્રતિક છે. ઉદ્‌ઘાટન સમારોહમાં અમેરિકાની સ્વતંત્રતાના યુદ્ધની પ્રતિકૃતિવાળા યુનિફોર્મ પહેરીને બેન્ડે માર્ચ કર્યું હતું જેને કારણે ત્યાં ઉપસ્થિત થયેલા લોકોમાં દેશભક્તિની લહેર દોડી ગઈ હતી.

## મહારાષ્ટ્ર ૩૦ ટકા ઓછી કિંમતથી શાકભાજી વેચશે

**મુંબઈના ૧૦ સેન્ટરો પર રિટેલ કિંમતની સરખામણીમાં ૩૦ ટકા ઓછી કિંમતે શાકભાજી-ફળ ઉપલબ્ધ થશે**

મુંબઈ,તા. ૫

શાકભાજી અને ફળોની કિંમત આસમાને ન પહોંચે તેને રોકવાના હેતુસર રાજ્ય સરકારે હવે ઘટાડેલા દર મુંબઈના લોકોને શાકભાજી ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે. મુંબઈના ૧૦ સીટી સેન્ટરોમાં ૩૦ ટકા સસ્તાભાવે શાકભાજી વેચવાનો નિર્ણય કર્યો છે.

આ વચનનો ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સોમવારથી સરકાર વર્તમાન રિટેલ કરતા ૩૦ ટકા ઓછી કિંમતે શાકભાજી અને ફળનું વેચાણ કરશે. મુંબઈ શહેરના જુદા જુદા પસંદગીના કો-ઓપરેટિવ આઉટલેટ પર વર્તમાન રિટેલ રેટ કરતા ૩૦ ટકા ઓછી કિંમતે શાકભાજી અને ફળનું વેચાણ કરવામાં આવશે. ૧૯૯૯ બાદ સરકાર પ્રથમ વખત આ દિશામાં આગળ વધી રહી છે. કેન્દ્રિય કેબિનેટે ખાદ્યાન્ન સુરક્ષા બિલ અંગે વટહુકમને લીલીઝંડી આપ્યા બાદ આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. સરકાર ચૂંટણી માટેની તૈયારીમાં વ્યસ્ત છે તેમ અમે માનવામાં આવે છે.

રાજ્યના કૃષિ પ્રધાન રાધાકૃષ્ણન વીકે પાટિલે જણાવ્યું હતુ કે સારા ચોમાસાની સ્થિતિ છતાં શહેરમાં શાકભાજીની કિંમત ખુબ ઉંચી છે. શાકભાજીનું વેચાણ અથવા તો મેળવવાની બાબત સરકારની જવાબદારી નથી. માર્કેટની દરમિયાનગીરી જરૂરી બની ગઈ છે પરંતુ જયારે કૃત્રિમરીતે ભાવોમાં વધારો થાય છે ત્યારે સરકાર દરમિયાનગીરી કરે છે. મુંબઈ શહેરમાં રિટેલરોએ હાલમાં શાકભાજીના ભાવમાં ચાર ગણો વધારો કરી દીધો હતો. મોનસૂનની સ્થતિ ખૂબ સારી રહી હોવા છતાં હોલસેલ કિંમતમાં ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારને તેના અમલીકરણ અંગે વિશ્વાસ છે. ફુડ સિક્યુરિટી વટહુકમ અમલી બની ગયા બાદ દરેક રાજ્યમાં સાવધાની જરૂરી બનશે. રાજ્યસરકારે જુદાજુદા સેન્ટરો પર સસ્તી કિંમતે શાકભાજી ઉપલબ્ધ કરાવશે. આ દશ સેન્ટરો પૈકી અંધેરી, ઘાટકોપર, સીઓન, દાદર ખાતે અપના બજાર સ્ટોરનો ઉપયોગ થશે. અન્ય સ્થળોમાં સહકારી ભંડાર અને સુપારી બાગનો સમાવેશ થાય છે.